
# અંગ્રેજી



## ધોરણ-૬

**પ્રથમ સત્ર**

## વાર્ષિક માસવાર આયોજન



વર્ષ - ૨૦૨૪/૨૫

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

## જુલાઇ માસનું પાઠ આયોજન

## 1. Where Were you?

**અદયયન નિષ્પતિ :**

- જોડકાણાં, અભિનય ગીતો, Rhymes ( માં અંગ્રેજીના લય – પ્રાસનો રસાસ્વાદ માણે.
- ચિત્ર કે વસ્તુઓનું ત્રણ થી પાંચ વાક્યોમાં વર્ણન કરે.
- ટૂંકા સંવાદો, સૂચના અભિવાદન સાંભળે છે. અને પ્રતિભાવ આપે છે.
- ટેબલ ગ્રાફ નકશાની માહિતીને વાક્ય સ્વરૂપે રજૂ કરે.
- માહિતી મેળવવા Who, What, Where, How many જેવા પ્રશ્નો પૂછે અને તેના જવાબ આપે.
- ઘટના, વાર્તા, પાત્રો સ્થળોની વિગતોને તારવે.
- પરિચિત પરિસ્થિતિમાં સામાન્ય સંવાદ કરો.
- શબ્દકોશનો ઉપયોગ કરે.
- નાના / સાદા વાક્યોનું અનુલેખન કરે.
- કુટુંબના, સભ્યો, શિક્ષકો મિત્રોના સામાન્ય પરિચય મેળવે અનેઆપે.
- વાક્યોમાં પદ ક્રમ વિરામચિહનોનો યોગ્ય રીતે ઉપયોગ કરે.
- અન્ય પરિચિતોનો સામાન્ય પરિચય મેળવે અને આપે.

**શૈક્ષણિક મુદ્દા :**

– Activity – 1 ગીતનું અભિયાન સાથે ગાન
- Rhyming word શોધવા
- Activity – 2 ચિત્ર
- Activity – 3 સંવાદ નું વાંચન
– સંવાદ બનાવવા
– Activity – 4 જૂથના સભ્યોની હાજરીની વિગત
- Activity – 5 વાક્યો બનાવવા
- Activity – 6 કોષ્ટકની વિગત ભરવી
– Activity – 7 રમત
– Activity – 8 ઘટનાનું વાંચન
– Activity – 9 સંવાદો નું વાંચન તથા કોષ્ટક પૂર્તિ
– Activity – 10 કૌશન શબ્દો ને આધારે ખાલી જગ્યા પૂર્તિ
– Activity – 11 પરિવારના સભ્યોની વિગતોમાં કોષ્ટક પૂરતી
– Activity – 12 ઉદાહરણ પ્રમાણે વાક્યો લખવા
– Activity – 13 project work

**શૈક્ષણિક સાધન :**

Text book

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સમક્ષ And one fell down ગીતનું ગાન કરીશ. વિદ્યાર્થીઓ અભિનય સાથે ગાન કરશે. ગીતમાં Rhyming word શોધવાની પ્રવૃતિ કરાવીશ. પાઠ્ય પુસ્તકમાં આપેલ ચિત્ર આધારિત પ્રશ્નોના જવાબની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉતર લખશે. વિદ્યાર્થીઓ દ્વારા સંવાદોનું વાંચન કરાવીશ. બીજા સંવાદો બનાવડાવીશ. સંવાદો વર્ગ સમક્ષ રજૂ કરાવીશ. આપેલ પ્રવૃતિ કરાવીશ. જૂથના સભ્યોની હાજરીની વિગત પત્રકમાં ભરાવીશ. તેના આધારે પ્રશ્નોતરી કરાવીશ.

આપેલ વિગત પરથી વાકયો જોડવા જણાવીશ. મિત્રો સાથે પ્રશ્નોતરી કરી વિદ્યાર્થીઓને કોઠામાં આપેલ વિગતો ભરવા જણાવીશ. Activity માં આપેલી રમત રમાડીશ. It was a cold doy ઘટના વાંચન કરીશ. વિદ્યાર્થીઓ પાસે વારાફરતી વંચાવીશ. તેના આધારે ખાલી જગ્યા પુરાવીશ.

**મૂલ્યાંકન :**

- ગીત કંઠસ્થ કરવા જણાવીશ.

## ઓગષ્ટ માસનું પાઠ આયોજન
## 2. To-mo-chho

**અધ્યયન નિષ્પતિ :**

– પોતાના પરિચય ક્ષેત્રેમાં બનતી ક્રિયાઓની રજૂઆત કરે.

– વાકયોમાં પદક્રમ વિરામ ચિહ્નોનો યોગ્ય રીતે ઉપયોગ કરે.

– અર્થપૂર્ણ સંદર્ભમાં રહેલ શબ્દો અને વાકયોનું મૂકવાંચન અને મુખવાંચન કરે.

– જોડકણાં, અભિનયગીતો Rhymes માં અંગ્રેજીના લય – પ્રાસનો રસાસ્વાદ માણે.

– ટેબલ ગ્રાફ, નકશાની માહિતીને વાકય સ્વરૂપે રજૂ કરે.

– નાના સાદા વાકયોનું અનુલેખન કરે.

– જાણીતા શબ્દોના આધારે નવા શબ્દો બનાવવાની પ્રવૃતિમાં ભાગ લે.

– સ્થળ, સમય ની મુખ્ય વિગતો તારવે.

**શૈક્ષણિક મુદ્દા :**

- Activity – 1 દિનચર્યાની વિગતો.
- Activity – 2 ફકરાના વાકયો છુટા પાડવા
- Activity – 3 I checked it ! નું વાંચન

– ACtivity 4 ખાલી જગ્યા પુરો.

– Activity 5 The Rainbow ગીતનું ગાન

– Activity 6 કોષ્ટકપૂર્તિ

– Activity 7 વાકયોને before અને now માં વર્ગીકૃત કરવા.

– Activity – 8 તારીખના આધારે દિવસ જાણવાની પ્રવૃતિ

**શૈક્ષણિક સાધન :**

Text Book

– શિક્ષક આવૃતિ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સમક્ષ પોતાની ચર્ચા દિન ચર્ચા કહીશ. વિદ્યાર્થીઓ પોતાની દિનચર્યા જણાવશે. આપેલ ફકરામાં ભેંગા થઇ ગયેલાં વાકયો છુટા પાડવા જણાવીશ. તેના આધારે કોઠામાં આપેલ વિગતો ભરવા જણાવીશ. I Chek કે edit નું વાંચન કરીશ. વિદ્યાર્થીઓ દ્વારા વારા ફરતી વંચાવીશ. તેના આધારે વાકયો ખરાં છે કે ખોટાં તે જણાવીશ. કૌંસમાં આપેલ શબ્દો ના આધારે ખાલી જગ્યા પુરાવીશ. The Rainbow ગીતનું ગાન કરીશ. વિદ્યાર્થીઓને ગાન કરાવીશ. આપેલ શબ્દોના આધારે ખાનામાં શબ્દો મૂકી કોષ્ટક પૂર્ણ કરાવીશ. ઋતુ પ્રમાણે આવતા દિવસ કોઠામાં યોગ્ય ખાનામાં લખવા જણાવીશ. આપેલ વાકયો વંચાવીશ. befpre અથવા now માં વાકયો વર્ગીકૃત કરાવીશ. શબ્દોમાં ખૂટતા અક્ષરમુકી શબ્દપૂર્ણ કરાવીશ.

તારીખના આધારે દિવસ જાણવાની પ્રવૃતિ આપેલ વિગતો પરથી કરાવીશ.

**મૂલ્યાંકન :**

– સ્પેલિંગો તૈયાર કરવા જણાવીશ.

– પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## સપ્ટેમ્બર માસ નું પાઠ આયોજન
## 3. Fought and won

**અધ્યયન નિષ્પતિ :**

**જોડકણાં, અભિનયગીત, Rhymes મા અંગ્રેજી ના લય પ્રાસ નો રસા સ્વાદ માણે.**

- સ્થાનિક પર્યાવરણમા ઉપલબ્ધ અંગ્રેજી વાંચે છે.

– વાર્તાઓ સાંભળે છે અને ટૂંકમાં કહે છે.

– વાર્તા પરિચ્છેદનું અર્થગ્રહણ કરે

– શબ્દકોશનો ઉપયોગ કરે.

– જાણીતા શબ્દોના આધારે નવા શબ્દો બનાવવાની પ્રવૃતિમાં ભાગ લે.

– નાના સાદા વાક્યોનું અનુલેખન કરે.

– ઘટના વાર્તાને યોગ્ય ક્રમમાં ગોઠવે.

– જાણીતા શબ્દોના આધારે નવા શબ્દો બનાવવાની પ્રવૃતિમાં ભાગ લે.

**શૈક્ષણિક મુદ્દા :**

- Activity – 1 કાવ્યગાન

- Activity – 2 ચિઠ્ઠી પ્રમાણે ક્રિયા કરવી

- Activity – 3 ખાલી જગ્યા પૂરો

- Activity – 4 વાર્તા નું વાંચન

- Activity – 5 A અને B જોડો

– Activity – 6 શબ્દ સમૂહ શોધો. વાક્યો કોણ બોલે છે તે લખો.

– Activity –7 વિધાન ખરાં છે કે ખોટા તે જણાવો.

– Activity – 8 વાક્યોને ઘટનાક્રમ માં ગોઠવવા.

– Activity – 9 news paper ના શબ્દો પૂર્ણ કરી વાંચન કરવું.

– Activity – 10 ગીતનું ગાન

**શૈક્ષણિક સાધન :- Text Book**

- શિક્ષક આવૃતિ

– શબ્દકોશ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

પાઠ્યપુસ્તકમાં આપેલ કાવ્યનું ગાન કરીશવિદ્યાર્થીઓ દ્વારા ગાન કરાવીશ. આપેલ શબ્દો જેવા શબ્દો કાવ્યમાંથી શોધીને લખવા જણાવીશ. વિદ્યાર્થીઓને ચિઠી આપી ક્રિયા કરાવીશ. વિદ્યાર્થીઓને ઓળખવા જણાવીશ. કૌસમાં આપેલા શબ્દોને આધારે ખાલી જગ્યા પુરાવીશ. Briju, the Brave વાર્તાનું વાંચન કરીશ. વિદ્યાર્થીઓ પાસે વારાફરતી વંચાવીશ. A માં B આપેલા શબ્દોનેમાં આપેલા અર્થ સાથે જોડવાની પ્રવૃતિ કરાવીશ. આપેલા શબ્દ સમૂહો પાઠમાં કયાં આવેલા છે. તે શોધવા જણાવીશ. આપેલ વાકયો કોણ બોલે છે. તે લખવા જણાવીશ. આપેલા વિધાનોમાં સાચા વિધાનની સામે

True અને ખોટા વિધાનની સામે False લખાવીશ. આપેલા વાકયોને ભટના ક્રમમાં ગોઠવવા જણાવીશ. વિદ્યાર્થીઓ વાક્યો લખશે. Newspaper ના સમાચાર છાપેલાં છે જેમાંના અમુક શબ્દો વાંચી શકાતા નથી તો તે શબ્દો કયા હશે તે વિચારીને સમાચાર વંચાવીશ. શબ્દો ઓળખી લખાવીશ. ગીતનું ગાન કરીશ. વિદ્યાર્થીઓ સાંભળી સમુહગાનકરશે. to Sing સ્થાને to speak, to, read જેવા શબ્દો મુકાવી ગાનકરાવીશ.

**મૂલ્યાંકન :**

- સ્પેલિંગો તૈયાર કરાવીશ.
- ગીત કંઠસ્થ કરવા જણાવીશ.

## ઓકટોબરનું પાઠ આયોજન
## 4. Watch your watch

**અદ્યયન નિષ્પતિ :**

– જોડકણાં, અભિનયગીતો Rhymes માં અંગ્રેજીના લય પ્રાસનો રસાસ્વાદ માણે
– વાર્તાઓ સાંભળે છે અને ટૂંકમાં કહે છે.
– વાક્યોમાં પદક્રમ, વિરામ ચિહ્નોનો ઉપયોગ કરે છે.
– ટૂંકા સંવાદો સાંભળે છે અને પ્રતિભાવ આપે છે.
– લાખ સુધીની સંખ્યા વાચક ક્રમ દર્શક સંખ્યાઓ દર્શાવે.
– ટેબલગ્રાફ, નકશાની માહિતીને વાકય સ્વરૂપે રજૂ કરે.
– ઘટના, સ્થળ, સમયની મુખ્ય વિગતો, તારવે
– અર્થપૂર્ણ સંદર્ભમાં રહેલા શબ્દો અને વાકયોનું મૂકવાંચન અને મુખ વાંચન કરે
– શબ્દકોશનો ઉપયોગ કરે.
– નાના સાદા વાક્યોનું અનુલેખન કરે.
– પોતાના પરિચય ક્ષેત્રમાં બનતી ક્રિયાઓ અને બનેલા પ્રસંગોની ટૂંકમાં રજૂઆત કરે.
– પરિચિત પરિસ્થિતિમાં સામાન્ય સંવાદ કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

– Activity – 1 Rhyme નું ગાન
– Activity – 2 વાર્તાવાંચન તથા નાટ્યીકરણ
– Activity – 3 જોડકાં જોડો
– વાર્તાના વાક્યો ક્રમમાં ગોઠવો.
– Activity – 4 સંવાદોનું વાંચન ઘડિયાળ બનાવવી.
– Activity – 5સમય જાણવો.
– Activity – 6 સમયપત્રકના આધારે પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા
– Activity – 7 પ્રવાસનું આયોજનની કોષ્ટકમાં નોઘ
– Activity – 8 ઘટનાઓનું વાંચન
– શબ્દજૂથનું વાંચન
– Activity – 9 વિધાન સાચું છે કે ખોટું તે જણાવો.
– Activity – 10 ખાલી જગ્યા લખો.
– ઘરની બહાર નીકળતી વખતે કઇ કઇ વસ્તુઓ ચકાસી લેવી ?
– Activity – 11 પ્રસંગોનું વાંચન
– ખાલી જગ્યામાં સંવાદ લખવા

**શૈક્ષણિક સાધન :**

- Text book
– શિક્ષક આવૃતિ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સમક્ષ Rhyme નું ગાન કરીશ. વિદ્યાર્થીઓ પાસે સમુહગાન કરાવીશ. ચિત્રની મદદથી કોઠામાં વિગતો ભરાવીશ. વિદ્યાર્થીઓને વાર્તા સંભળાવીશ. વાર્તાનું વાંચન કરાવી નાટ્યકરણ કરાવીશ. વાર્તાના આધારે જોડકાં જોડાવીશ. વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવવાની પ્રવૃતિ કરાવીશ. આપેલ સંવાદનું વાંચન કરાવીશ. તે પરથી ઘડિયાળ બનાવીશ. વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવવાની પ્રવૃતિ કરાવીશ. વિદ્યાર્થીઓ ઘડિયાળ બનાવશે. ઘડિયાળના ચિત્રોને આધારે સમય જાણવાની પ્રવૃતિ કરાવીશ. રેલ્વેના સમય પત્રકના આધારે આપેલ પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરી લખવા જણાવીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો લખશે. પ્રવાસનું વર્ણન કરીશ. નકશાની મદદથી પ્રવાસનું આયોજન કોઠામાં નોંધાવીશ. A different experience માં આપેલી ઘટનાઓનું વાંચન કરીશ. વિદ્યાર્થીઓ પાસે વારાફરતી વાંચન કરાવીશ. શબ્દજૂથનું વાંચન કરાવીશ. શબ્દોને મળતા આવતા અર્થ શોધીને લખવા જણાવીશ. આપેલા અર્થ શોધીને લખવા જણાવીશ. આપેલ ઘટનાને આધારે વિધાન સાચું છે કે ખોટું તે જણાવવા કહીશ. ખાલી જગ્યા પુરાવીશ. પોતે અને સબંધીઓ સામાન્ય રીતે શું ભૂલી જતા હો છો તે લખવા જણાવીશ. ઘરની બહાર નીકળતી વખતે કઈ કઈ વસ્તુઓ ચકાસી લેવી તે લખવા જણાવીશ. આપેલા શબ્દોને ઓળખી લખવા જણાવીશ. પ્રસંગનું વાંચન કરાવી ખાલી જગ્યામાં સંવાદ લખાવીશ.

**મૂલ્યાંકન :**

– Rhyme કંઠસ્થ કરવા જણાવીશ.
– સ્પેલિંગો તૈયાર કરવા જણાવીશ.
– પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## ઓકટોબરનું પાઠ આયોજન
## Revision - 1

**અધ્યયન નિષ્પતિ :-**

**શૈક્ષણિક મુદ્દા :**

– Revision 1 થી 5 Activity ની ચર્ચા તથા લખન

**શૈક્ષણિક સાધન :**

– Text book

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને Revision ની 1 થી 5 Activity ની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓને લખવા જણાવીશ.

**મૂલ્યાંકન :**

- પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.